પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 17/11/2026 **Morning : 7.10 to 7.20**
Day : Tuesday **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે સાંજે રાજ્ય મંત્રીમંડળની બેઠક મળશે**
2. **જામનગર વાયુસેના મથક ખાતે આજથી માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત કવાયત 'સહાયતા સેતુ' યોજાશે**
3. **ધોલેરામાં સેમિકન્ડક્ટર હબ નજીક 200 બેડની હોસ્પિટલનું નિર્માણકાર્ય ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થશે**
4. **આગામી 24 કલાક બાદ રાજ્યમાં ઠંડીમાં આંશિક વધારો થવાની શક્યતા**
5. **ફૂટબોલમાં, SAFF ચેમ્પિયનશિપની ફાઇનલમાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે ખિતાબી મુકાબલો**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

CABINET MEET

રાજ્યના મહત્વપૂર્ણ વહીવટી અને નીતિગત મુદ્દાઓની સમીક્ષા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે સાંજે રાજ્ય મંત્રીમંડળની બેઠક મળશે. મુખ્યમંત્રીના પ્રવાસના કારણે નિયમિત દિવસમાં ફેરફાર કરીને આ બેઠક આજે યોજવામાં આવી રહી છે. બેઠકમાં કૃષિ , સિંચાઈ, પાણી પુરવઠા, પશુપાલન અને આદિજાતિ વિસ્તારોને લગતા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થશે. સાંભળીએ એક અહેવાલ..

(VC: MAYUR SOLANKI)

(બેઠકમાં મુખ્યત્વે રવિ સિઝન દરમિયાન ખેડૂતોને સિંચાઈ માટે પાણીની ઉપલબ્ધતા અંગે ખાસ સમીક્ષા કરાશે. શિયાળુ પાકના વાવેતરને ધ્યાનમાં રાખીને જળાશયોમાં પાણીના જથ્થા અને સમયસર વિતરણના આયોજન પર પણ ચર્ચા થશે. આ ઉપરાંત , ઓછા વરસાદવાળા અને દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં નાગરિકોને નિયમિત પીવાનું પાણી મળી રહે તેમજ પશુઓ માટે પૂરતા ઘાસચારાની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સરકારની તૈયારીઓની સમીક્ષા કરાશે. બેઠકની કાર્યાયોજનામાં આદિજાતિ વિસ્તારોના વિકાસલક્ષી કાર્યક્રમો , યોજનાઓના અમલીકરણ તેમજ મંત્રીઓના મતવિસ્તારોમાં યોજાનારા સ્નેહમિલન કાર્યક્રમોના આયોજનનો પણ સમાવેશ થાય છે. દુર્ગેશ મહેતાના અહેવાલ સાથે સમાચાર વિભાગથી મયુર સોલંકી આકાશવાણી અમદાવાદ)

CM VADNAGAR

ઐતિહાસિક વડનગરની પવિત્ર ભૂમિ પર લોકકલ્યાણના હેતુથી આયોજિત ‘વિશ્વશાંતિ મહાયજ્ઞ’ના છઠ્ઠા દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા. આ ધાર્મિક મહોત્સવમાં તેમણે વડનગરના અધિષ્ઠાયક દેવ ભગવાન હાટકેશ્વર મહાદેવના મંદિરે શ્રદ્ધાપૂર્વક પૂજન-અર્ચન કર્યું. શ્રી પટેલે રાજ્યની સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. આ મહાયજ્ઞ દરમિયાન મુખ્યમંત્રીએ જગદગુરુ શંકરાચાર્ય સ્વામીજી સાથે મુલાકાત પણ કરી.

JAMNAGAR SAHAYTA SETU

જામનગર વાયુસેના મથક ખાતે આજથી માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત કવાયત 'સહાયતા સેતુ' યોજાશે. 19 સપ્ટેમ્બર સુધી યોજાનાર કવાયત દરમિયાન ભારતીય વાયુસેના સહિત વિવિધ સંરક્ષણ દળો અને રાષ્ટ્રીય એજન્સીઓ દ્વારા આપત્તિ સમયે બચાવ , રાહત અને પુનઃસ્થાપન કામગીરીનું નિદર્શન થશે. સાંભળીએ એક અહેવાલ..

(VC: NIKITA SHAH)

(આ કવાયતનો મુખ્ય ઉદ્દેશ આપત્તિના સમયે વિવિધ સંરક્ષણ દળો, રાષ્ટ્રીય એજન્સીઓ અને મિત્ર દેશો વચ્ચે સામૂહિક સજ્જતા મજબૂત બનાવવાનો, પરસ્પર કાર્યક્ષમતા અને સંકલન વધારવાનો તેમજ આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી ઝડપી અને અસરકારક આપત્તિ પ્રતિસાદની ક્ષમતા વિકસાવવાનો છે. કવાયત દરમિયાન ક્વાડ દેશો એટલે કે ઓસ્ટ્રેલિયા , ભારત, જાપાન અને અમેરિકાના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં ક્વાડ કાર્યકારી સ્તરની બેઠક પણ યોજાશે જે આંતરરાષ્ટ્રીય મિત્રતા , એકતા અને સહિયારી જવાબદારીની ભાવનાને પણ પ્રોત્સાહન આપશે. આપત્તિના સમયે પૂર્વતૈયારી , પરસ્પર સહયોગ અને તાત્કાલિક કાર્યવાહી દ્વારા માનવજીવન બચાવી શકાય તેવો મહત્વપૂર્ણ સંદેશ પણ આ કવાયત આપશે. નિકિતા શાહ આકાશવાણી સમાચાર અમદાવાદ)

DHOLERA HOSPITAL

ધોલેરામાં સેમિકન્ડક્ટર હબ નજીક 200 બેડની હોસ્પિટલનું નિર્માણકાર્ય ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે ધોલેરામાં ઔદ્યોગિક , સામાજિક અને શહેરી માળખાગત પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરી હતી , જેમાં વ્યવસાયો, રોકાણકારો, વ્યાવસાયિકો અને રહેવાસીઓને ટેકો આપવા માટે જરૂરી સુવિધાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર વિશેષ રોકાણ વિસ્તાર- SIRમાં મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ ઉપરાંત એક સંકલિત શાળા , હોટલ અને અન્ય નાગરિક સુવિધાઓ પણ વિકસાવવામાં આવી રહી છે. જેમાં સ્યુટ અને કોન્ફરન્સ સુવિધાઓ સાથે 42 રૂમનું ગેસ્ટ હાઉસ, લગભગ 600 લોકોની ક્ષમતા ધરાવતું ફૂડ કોર્ટ અને 50 ટેન્ટ ધરાવતા ટેન્ટ સિટીનો સમાવેશ થાય છે.

SURENDRANAGAR – LIQUID

સુરેન્દ્રનગર જિલ્લામાંથી શંકાસ્પદ જ્વલનશીલ પ્રવાહી ઝડપાયું છે. રાજકોટ રેન્જ આઇ.જીની ટીમ દ્વારા સાયલા હાઇવે પર ભાડુકા ગામ નજીક દરોડો પાડવામાં આવ્યો જેમાં **35** હજાર **864** લીટર શંકાસ્પદ જ્વલનશીલ પ્રવાહી મળી આવ્યું. જેની કિંમત **26** લાખ રૂપિયા થવા જાય છે. તપાસ ટીમે શંકાસ્પદ જ્વલનશીલ પ્રવાહી જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

FSAS RAJKOT

રાજકોટ જિલ્લાના ખેડૂતો આગામી **20**મી નવેમ્બરથી **"FSAS - Fertilizer Sale Application System"** મોબાઈલ એપ્લિકેશન અમલમાં મૂકવામાં આવી છે. આ મોબાઈલ એપથી ખાતર બુક કરાવીને **48** કલાકમાં જથ્થો મેળવી શકશે . રાજ્યભરમાં આ મોબાઈલ એપથી ખાતર બુકિંગની વ્યવસ્થા શરૂ કરાશે.

સાબરકાંઠા અને નવસારી જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટની સફળતા બાદ હવે સમગ્ર રાજ્યમાં સબસિડી મળતી હોય તેવા રાસાયણિક ખાતરનું બુકિંગ તથા વિતરણ **FFS** ડિજિટલ માધ્યમથી કરવામાં આવશે. **20** નવેમ્બરથી સમગ્ર રાજ્ય સાથે રાજકોટ જિલ્લામાં પણ આ નવી પદ્ધતિથી ખાતર વિતરણ વ્યવસ્થાનો અમલ શરૂ થશે.

'ખેડૂતો એન્ડ્રોઈડ મોબાઈલના **Google Play Store** પરથી **FSAS** એપ. ડાઉનલોડ કરી શકશે.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

JANJATIYA GAURAV DIVAS

ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતી નિમિત્તે જનજાતીય ગૌરવ સપ્તાહ ઉજવણી અંતર્ગત રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લાના ભિલોડામાં પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું. જેમાં રાજ્યમંત્રી સ્વરૂપજી ઠાકોર ઉપસ્થિત રહ્યા. તેઓએ જણાવ્યું કે સરકારની યોજનાઓથી લોકોના સકારાત્મક પરિવર્તન આવ્યું છે.

તાપી જિલ્લાના વ્યારા ખાતે યોજાયેલા પ્રબુદ્ધ નાગરિક સંમેલનમાં જનજાતિ ગૌરવ દિવસનું મહત્વ અને આદિવાસી સમાજનું યોગદાન સમજાવાયું આ અંગે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલે વધુ માહિતી આપી.

(BYTE: VIJAY PATEL, NAYAB MUKHYA DANDAK)

પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે યોજાયેલા પ્રબુદ્ધ નાગરિક સંમેલનમાં રાજ્યમંત્રી સંજયસિંહ મહીડા ઉપસ્થિત રહ્યા.

WEATHER FC

આગામી 24 કલાક બાદ રાજ્યમાં ઠંડીમાં આંશિક વધારો થવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર લઘુત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે , આગામી સાત દિવસ દરમિયાન વાતાવરણ સૂકું રહેશે. હમણાં વરસાદની કોઈ શક્યતા ન હોવાનું પણ તેમણે જણાવ્યું.

(BYTE: RAMASHRAY YADAV, SCIENTIST)

BHARUCH MELO

ભરૂચના શુકલતીર્થ ગામ ખાતે ભરાતા ભાતીગળ મેળાની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. દેવ ઉઠી અગિયારસથી દેવ દિવાળી સુધી ભાતીગળ મેળો યોજાશે. દરમિયાન ભક્તો પાવન નર્મદા નદીમાં સ્નાન કરી શુકલેશ્વર મહાદેવના દર્શન કરે છે ત્યારે નદીમાં ડૂબી જવાના કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે **NDRF** અને સ્થાનિક તરવૈયાઓની ટીમ પણ તૈનાત રાખવામાં આવશે તેમ સરપંચ રણજીતસિંહ માંગરોલાએ જણાવ્યું.

(BYTE: RANJITSINH MANGROLA, SARPANCH)

CHHOTAUDEPUR SITAFAL

છોટાઉદેપુર જિલ્લામાં ઓછા વરસાદમાં પણ આ વર્ષે સીતાફળનું સારું ઉત્પાદન થયું છે. કુદરતી રીતે ઉગતાં સીતાફળ આદિવાસી પરિવારો માટે આવક અને રોજગારીનું માધ્યમ બન્યાં છે. એક પરિવાર સિઝન દરમિયાન અંદાજે 30 હજાર રૂપિયા સુધીની આવક મેળવી રહ્યો છે. ત્યારે આ અંગે વધુ માહિતી ખડલા ગામના સરપંચ ભુદરભાઇ ભીલે આપી.

(BYTE: BHUDARBHAI BHIL, SARPANCH)

SAFF CHAMPIONSHIP

ફૂટબોલમાં, આજે બાંગ્લાદેશના ઢાકા ખાતે **SAFF** ચેમ્પિયનશિપની ફાઇનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત અને પાકિસ્તાન વચ્ચે ખિતાબી મુકાબલો રમાશે. ભારત સતત ત્રીજી વખત ટુર્નામેન્ટ જીતીને પોતાનો **10**મો **SAFF** ચેમ્પિયનશિપ ખિતાબ સુરક્ષિત કરવાનો અને ઇતિહાસ રચવાનો પ્રયાસ કરશે. તો , પાકિસ્તાન **SAFF** ચેમ્પિયનશિપ ફાઇનલમાં પ્રથમ વખત રમશે. બંને ટીમો સિનિયર આંતરરાષ્ટ્રીય મેચોમાં **30** વખત ટકરાઈ છે, જેમાં ભારતે **17** અને પાકિસ્તાને ચાર મેચ જીતી છે જ્યારે નવ મેચ ડ્રો રહી છે.